# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/160 Dt. 26/09/2025

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'સિવિલ ડિફેન્સ – એક જરૂરિયાત' વિષે જાગૃતિ સત્ર યોજાયું

### તીર, તોપ, મિસાઈલ પછી હવે ડ્રોનનો યુગ છે, આજે યુદ્ધની ટેકિનક બદલાઈ ગઇ છે ત્યારે ઉદ્યોગોએ પણ સિવિલ ડિફેન્સનું મહત્વ સમજવું આવશ્યક છે, નાગરિકો જેટલા જાગૃત હશે તેટલો દેશ યુદ્ધ કે આપત્તિ સામે મજબૂત ઉભો રહી શકશે : શ્રી કાનજીભાઇ ભાલાળા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'સિવિલ ડિફેન્સ – એક જરૂરિયાત' વિષય પર જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે સુરત સિવિલ ડિફેન્સના પૂર્વ ચીફ વોર્ડન અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઈ ભાલાળાએ સેલ્ફ ડિફેન્સ અને સિવિલ ડિફેન્સ વચ્ચેના ભેદ વિષે વિસ્તૃત સમજણ આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચનમાં તાજેતરના યુદ્ધના માહોલ દરમિયાન નાગરિક સંરક્ષણની પ્રબળ જરૂરિયાત પર પ્રકાશ પાડયો હતો. તેમણે જણાવ્યું હતું કે, ૧૯૪૧ના બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સિવિલ ડિફેન્સની શરૂઆત થઈ હતી. ૧૯૬૨ અને ૧૯૬૫ના યુદ્ધમાં તેની અસરકારકતા અનુભવી અને ૧૯૬૮માં સંસદે કાયદો ઘડયો. ૧૯૯૭માં સુરતમાં સિવિલ ડિફેન્સની સ્થાપના થઈ, જ્યારે ૨૦૦૯માં તેને કુદરતી અને માનવ સર્જિત આપત્તિઓ સુધી વિસ્તૃત કરવામાં આવ્યું હતું.

સુરત સિવિલ ડિફેન્સના પૂર્વ ચીફ વોર્ડન અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગોએ પણ સિવિલ ડિફેન્સનું મહત્વ સમજવું આવશ્યક છે. આજે યુદ્ધની ટેકિનક બદલાઈ ગઈ છે. તીર, તોપ, મિસાઈલ પછી હવે ડ્રોનનો યુગ છે. નાગરિકો જેટલા જાગૃત હશે તેટલો દેશ યુદ્ધ કે આપત્તિ સામે મજબૂત ઉભો રહી શકશે. તેમણે ઉદાહરણ આપતા કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૧ના ભૂકંપમાં ખોટી માહિતીના કારણે અનેક લોકોનાં મોત થયા હતા, જ્યારે સિવિલ ડિફેન્સનો હેતુ જાગૃતિ અને સાચા માર્ગદર્શનથી જાનમાલનું રક્ષણ કરવાનો છે.

તેમણે નાગરિક સંરક્ષણમાં કંઈ રીતે જોડાઈ શકાય તેના વિષે પણ વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે કાકરાપાર અણુ મથક, ઉકાઈ ડેમ અને હજીરાના ઉદ્યોગોને લીધે સુરતનો દેશના ઓળખી કઢાયેલા ૪૦ સ્થળોમાં સમાવેશ થયો છે, જ્યાં નાગરિક સંરક્ષણ ખૂબ જ મહત્વનું છે. આ મહત્વના વિષય પર ચેમ્બરે કાર્યક્રમ ગોઠવ્યો એ પ્રશંસનીય છે. ઓપરેશન સિંદૂર વખતથી નાગરિક સંરક્ષણ ફરી ચર્ચાના સ્થાને છે. નાગરિક સંરક્ષણનું કામ લોકોના જીવ બચાવવાનું, માલ–મિલકતને નુકસાન ઓછું થાય, પુરવઠો ઝડપથી પૂર્વવત્ થાય અને આપત્તિમાં લોકોનું મનોબળ ટકાવી રાખવાનું છે.

ચેમ્બરની એનજીઓ કમિટીના ચેરમેન શ્રી મોહંમદ નાવેદ શેખે સૌને નાગરિક સંરક્ષણની તાલીમ લેવા અનુરોધ કરતા કહ્યું હતું કે હવે દરેક કોલેજમાં સિવિલ ડિફેન્સ યુનિટ ઉભું કરાશે.

ચેમ્બરના સભ્ય શ્રી ઘનશ્યામ નસીતે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.